# બુદ્ધિમાન માટે શ્રીગુરુમાઈના હિતોપદેશ

## શનિવાર, ૨૮ નવેમ્બર, ૨૦૨૦

દરેક શબ્દ મહત્ત્વનો હોય છે.
શા માટે?
એક શબ્દમાં એક મંત્રની શક્તિ હોઈ શકે છે,
જે તેમાં વિશ્વાસ રાખનારા માટે ઉદ્ધારક છે.
એક શબ્દમાં એક શાપની શક્તિ હોઈ શકે છે,
જે તેનો સ્વીકાર કરનારા માટે વિનાશકારી છે.
એક શબ્દ વ્યક્તિને એ જ્ઞાન તરફ લઈ જઈ શકે છે જે તેને મુક્ત કરી દેશે.
એક શબ્દ વ્યક્તિને નિરાશાવાદની ખાઈમાં ધકેલી શકે છે
અને તેને પોતાની જ આશાહીનતામાં બાંધી શકે છે.
આશ્વાસનનો એક શબ્દ તેમને પાંખો આપે છે
જેઓ પોતાના જીવનમાં મહાન ઉપલબ્ધિઓની આકાંક્ષા રાખે છે.
આક્રોશનો એક શબ્દ તેમની મહત્ત્વાકાંક્ષાઓને
છિન્ન-ભિન્ન કરી દે છે જેમણે
સ્થાયી ભવિષ્ય બનાવવામાં
પોતાનું સર્વસ્વ આપી દીધું છે.

તમારા શબ્દની શક્તિ પર ચિંતન કરો
અને તેના પર પણ કે તમે તમારી સત્તામાંથી એ શબ્દને
બહાર આ બ્રહ્માંડમાં કેવી રીતે જવા દો છો.

બીજાંઓના શબ્દોનો પ્રભાવ જે તમારી સત્તા પર પડે છે,
તેની શક્તિ પર ચિંતન કરો.
શું તે સદ્‌ભાવનાની સોનાની ખાણને શોધી લે છે
કે તે દુર્ભાવનાની ખાઈને અનાવૃત્ત કરે છે?

એ સમજો કે જે વસ્તુને સુધારી ન શકાય,
તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરવો નિરર્થક છે.

એ સમજો કે તમારું પોતાનું ભાગ્ય છે
જેણે તેની અનોખી સુંદરતા અને સુગંધ સાથે
ખીલવાનું જ છે.

એને છોડી દો જે તમને, તમારી પોતાની પ્રતિજ્ઞાઓનું
સન્માન કરવાના અધિકારથી અને
તમને તમારા પોતાના સંકલ્પોને પૂરા કરવાથી વંચિત કરે છે.

તેને જવા દો જે આત્માની પ્રશાંતિ તરફ
તમારી યાત્રામાં વિઘ્ન નાખે છે.

દરેક દાયકા, દરેક શતાબ્દી, દરેક યુગના
પોતાના જ ગુણ અને દોષ હોય છે.
તેમાં તેનું પોતાનું જ સંમિશ્રણ હોય છે,
સાધુતા અને દુષ્ટતાનું,
શ્રેષ્ઠતા અને અધમતાનું, નૈતિકતા અને ભ્રષ્ટાતાનું,
સ્થિરતા અને ભંગુરતાનું, સન્માન અને બદનામીનું,
લાભ અને ગેરલાભોનું, ફાયદા અને ત્રુટિઓનું,
સ્વતંત્રતા અને અવરોધોનું, પરોપકારિતા અને સ્વાર્થપરાયણતાનું,
આરોગ્ય અને વ્યાધિઓનું, સુરક્ષા અને જોખમોનું,
સકારાત્મક અને નકારાત્મક પાસાંઓનું, વરદાનો અને વ્યવધાનોનું,
રક્ષક-તારક ગુણો અને ઠોકર આપનારી અડચણોનું.
મનુષ્યના માનસમાં,
એટલે કે એ જગતમાં
જેને મનુષ્ય આ સુંદર નીલ ગ્રહ પર અને સમગ્ર બ્રહ્માંડ પર લાદે છે,
આ દ્વંદ્વ ભરપૂર છે.

જો કોઈ વ્યક્તિ એક તરફ પોતાના હૃદયમાં છવાયેલા ગહન અંધકારનો બચાવ કરી રહી હોય,
અને બીજી તરફ મંદિરમાં દીપક પ્રગટાવી રહી હોય
તો તેનો શું ફાયદો?
તે એવું કોના માટે કરી રહી છે?

તેથી, અવિરતપણે
ચોવીસે કલાક પ્રવાહિત થનારા
તમારા શ્વાસપ્રશ્વાસનો આધાર લઈને
આ અંતર પ્રક્રિયા પર ચિંતન કરો.

તમારા કમાન્ડર, પરમ આત્માથી દૂર થયા વિના,
ચોવીસે કલાક તમારા ઇશારાઓ પર ચાલનારા
તમારા પરિશુદ્ધ મનનું આવાહન કરી,
આ અંતરયાત્રા પર ચિંતન કરો.

વિચારો, શું સંભવ છે.
વિચારો, શું કરી શકાશે.
વિચારો, એ જીવન વિશે જે તમે જીવવા માગો છો.
વિચારો, તમે કેવી રીતે તમારું જ્ઞાન આપી શકો.
વિચારો, તમે કેવી રીતે આજે, આવતીકાલે અને પરમદિવસે
પર્વતની જેમ અડગ રહી શકો.

જ્યારે તમારી વિચાર પ્રક્રિયાનું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે ત્યારે
એ વસ્તુઓને તરત કાર્યાન્વિત કરવાનું શરૂ કરી દો જેને અત્યારે કરી શકો છો.
તમારા સંસારની રૂપરેખા એવી રીતે બનાવો
કે તમે પ્રત્યેક ક્ષણે,
પ્રત્યેક કલાકે, પ્રત્યેક દિવસે, અઠવાડિયે, મહિને અને વર્ષે
હૃદયની દિવ્યતાનો અનુભવ કરી શકો.

જ્ઞાન અને વૈરાગ્યના લેન્સનો ઉપયોગ કરતા રહીને,
તમારાં વિચારો અને કર્મોને વ્યવસ્થિત કરતાં રહો.

સિદ્ધયોગ સાધના છે એ સમજવું
કે બધી વસ્તુઓ તેના વાસ્તવિક સત્ત્વથી ઝગમગે
તેના માટે તમે જે નોંધપાત્ર પ્રયત્ન કરો છો
તે બોજારહિત સહજતાથી થઈ શકે છે અને થવો પણ જોઈએ.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.